## "ઓરાણ ડાંગર (DSR) નિદર્શન" અંગેની એક દિવસીય કાર્યશિબિર

## મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., નવાગામ

ઓરાણ ડાંગર (Direct Seeded Rice) પદ્ધતિ ખેડૂતોમાં પ્રચલિત થાય તે અંતર્ગત માન. કુલપતિશ્રી, ડો. કે. બી. કથીરીયા સાહેબના માર્ગદર્ગન હેઠળ, મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., નવાગામના એગ્રોનોમી વિભાગમાં લેવામાં આવતા ઓરાણ ડાંગરના અખતરા તેમજ ઓરાણ પદ્ધતિથી કરવામાં આવેલ બીજ ઉત્પાદન પ્લોટ પર તારીખ: ૨૦-૧૦-૨૦૨૨ ના રોજ ઓરાણ ડાંગર (DSR) પદ્ધતિ પર ઓન ફિલ્ડ નિદર્શન કાર્યક્રમની એક દીવસીય કાર્યશિબિરનું આયોજન કરવામાં આવેલ હતા. જેમાં ખેડા, નડીયાદ, ઉમરેઠ, બાવળા અને અમદાવાદ તાલુકાના ૬૫ થી ૭૦ ખેડૂતો ઉત્સાહ સભર કાર્યક્રમમાં હાજર રહેલ હતા.

આ કાર્યક્રમાં ઉપસ્થિત અતિથિ વિશેષનું શાબ્દિક તથા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું ત્યારબાદ કેન્દ્રના, ડૉ. એમ.બી. પરમાર સંશોધન વૈજ્ઞાનિકશ્રી (ચોખા), પ્રાસંગિક પ્રવચન આપ્યું, અને શ્રી જી. સી. ભાલોડી, પ્રોજેક્ટ ડાયેરેક્ટર (આત્મા), આણંદ દ્વારા કાર્યક્રમ અનુરૂપ ઉત્બોધન આપ્યું અને ત્યાર બાદ ઉમરેઠ તાલુકાના વણસોલ ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી મનીષભાઈ પટેલે ખેડૂતોને ઓરાણ ડાંગર પદ્ધતિ અંગેના પોતાના અનુભવથી માહિતગાર કર્યા, DSR પદ્ધતિ અપનાવનાર અન્ય ખેડૂતોએ પણ પોતાના DSR પદ્ધતિ અપનાવ્યા બાદ થયેલ ફાયદાઓ અંગે ચર્ચા કરી.

DSR અખતરાના પ્લોટ પર પ્રત્યક્ષ ફિલ્ડ નિદર્શન ગોઠવામાં આવેલ હતું, જેમાં ડૉ. ડી.જે. કાચા મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે, DSR (ઓરાણ ડાંગર) પદ્ધતિના અખતરામાં જુદા-જુદા સમયે વાવેતર કરવામાં આવેલ ડાંગરની વિવિધ જાતો જેવી કે, મહીસાગર, ગુર્જરી, જીએઆર ૧ અને જીઆર ૨૧(વાત્રક)ના ઉત્પાદન તેમજ તેના ખેત કાર્યોની વિષેની સંપૂર્ણ માહીતી આપેલ હતી. ફિલ્ડ પર ખેડૂતોના DSR અંગેના મુંજવતા પ્રશ્નોનોની ઉંડાણ પૂર્વક ચર્ચા કરી તેનું નિરાકરણ પ્રગતિશીલ ખેડૂત શ્રી મનીષભાઈ પટેલ, ડૉ. એસ.જી.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક અને ડૉ. ડી. બી. પ્રજાપતિ સહ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા કરવા આવેલ હતું. આ પ્રત્યક્ષ ફિલ્ડ નિદર્શનના અંતમાં નવાગામ, બાવળા, નડીયાદ અને રામપુરના ખેડૂતો દ્વારા ઓરાણ ડાંગર પદ્ધતિ (DSR) આગામી ઉનાળું તેમજ ખરીફ ઋતુમાં આપનાવવા માટેની ઉત્સુકતા દર્શાવી હતી. શ્રી એસ. એસ. થોરાત દ્વારા અત્રેના કેન્દ્રના સ્ટાફ અને આત્મા પ્રોજેક્ટના સ્ટાફ તેમજ હાજર રહેલ તમામ ખેડૂતોનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ કરેલ.





ડૉ. એમ. બી.પરમાર અને પ્રગતિશીલ ખેડૂત શ્રી. મનીષભાઈ પટેલનું ખેડૂતોને માર્ગદર્શન









ઓરાણ ડાંગર નિર્દશન પ્લોટ પર ખેડૂતો અને વૈજ્ઞાનિકશ્રી ઓનો વાર્તાલાપ